અપીલ અરજી નં.૧૨ તા.૧૨–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. ડે.કમિશ્નર (હે અને હો) ની પોસ્ટ અગાઉથી જ સરકારશ્રીના નિયમોનુસાર પછાતજાતિના ઉમેદવારથી જ ભરાતી આવેલ છે. તો પછી તા.૧–૧૦–૦૯ નાં રોજની સદર ખાલી જગ્યાની જાહેરાત નં.પી.આર.ઓ.૨૬૫ કયા ઠરાવ કઈ સામાન્ય સભા તથા કોના આદેશાનુસાર બિન અનામત આપ્યા અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૨/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. ડે.કમિશ્નર (હે અને હો) ની પોસ્ટ અગાઉથી જ સરકારશ્રીના નિયમોનુસાર પછાતજાતિના ઉમેદવારથી જ ભરાતી આવેલ છે. તો પછી તા.૧–૧૦–૦૯ નાં રોજની સદર ખાલી જગ્યાની જાહેરાત નં.પી.આર.ઓ.૨૬૫ કયા ઠરાવ કઈ સામાન્ય સભા તથા કોના આદેશાનુસાર બિન અનામત આપ્યા અંગેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦ તા.૮–૪–૧૦ થી આપેલ માહિતી અપુરતી, અયોગ્ય અને અસ્પષ્ટ મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨ તા.૨૦–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૬૯ તા.૫–૫– ૧૦ થી અત્રેના વિભાગને નોંધ વિભાગ, પર્સોનલ ઓફિસર(આર) તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૪ તા.૧૧–૩–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર આરને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૬૦ તા.૮–૩–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ભારત સરકારના ક્રમાંક ૧/૭/૨૦૦૯/આર આઈ કચેરી યાદીની નકલ, શ.વિ. અને શ.ગૃ.નિ. વિ.નો રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબતની પ્રમાણિત નકલ, સુરત મહાનગરપાલિકાના સા.સ.ઠ. નં.૩૨૦/૨૦૦૯ તા.૩–૮–૦૯ ના ઠરાવની નકલ, અરજદારને માહિતી તથા દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૧૦ તા.૩૦–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ ઈએસટી / ૧૦૪ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક /૧૭૬૦ તા.૮–૩–૧૦ થી પર્સોનલ ઓફિસર આરને તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર આર તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૪ તા.૧૧–૩–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૧૦ તા.૩૦–૩–૧૦ થી માંગેલી માહિતી અને દસ્તાવેજો માટે રૂા. ૧૨/– જમા કરવાનું ફરમાવી રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી ,દસ્તાવેજો નકલો આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવી પાના નંગ–૬ માટે પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા. ૧૨/– જમા કરવા જણાવેલ છે જે અરજદારે રસીદ નં.૩૬૯૯૧૮ તા.૬–૪–૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૪ તા.૮–૪–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.૧. ડે.કમિશ્નર (હે અને હો) ની પોસ્ટ અગાઉથી જ સરકારશ્રીના નિયમોનુસાર પછાતજાતિના ઉમેદવારથી જ ભરાતી આવેલ છે. તો પછી તા.૧–૧૦–૦૯ નાં રોજની સદર ખાલી જગ્યાની જાહેરાત નં.પી.આર.ઓ.૨૬૫ કયા ઠરાવ કઈ સામાન્ય સભા તથા કોના આદેશાનુસાર બિન અનામત આપ્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/ ૨૦૦૯ / આઈઆર તા.૧–૬–૦૯ જોઈ જવા માટે નકલ સામેલ છે. સામાન્ય સભાના ઠરાવની નકલ સામેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં અનામત સીટની જગ્યાએ બિન અનામત જાહેરાત કયા ઠરાવ કઈ સામાન્ય સભા તથા કોના આદેશાનુસાર તા.૧–૧૦–૦૯ ની જાહેરાત બિન અનામત અંગેની માહિતીની નકલ જાહેર માહિતી અધિકારી ધ્વારા આવી જાહેરાત આપ્યાનો ઈન્કાર કરેલ નથી સાથે અરજદારે માંગેલ માહિતી અંગે દફતરી માહિતી પૂરી પાડેલ હોય તેવી કોઈ વિગતો અપીલ તબકકે અત્રે રજૂ કરેલ નથી. જે આપવા પાત્ર થાય કારણકે જાહેર સેવકની જાહેર કચેરીની જગ્યા ભરવાને લગતી માહિતી અરજદારે પુછેલ છે. મુદ્દા નં.૨ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૦–૧–૧૦ ની આઈ ડી નં.૧૩૯૨ ની માહિતીમાં જણાવેલ છે કે એક જગ્યા માટે સરકારશ્રીનો રોસ્ટરનો નિયમ લાગુ પડતો નથી જેથી રોસ્ટર પધ્ધતિમાં નિયમની જોગવાઈ સહિત માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી તરફથી નકલ સામેલ છે જ તેવું જણાવેલ છે. અપીલ અરજીમાં અરજદારે શ.વિ. અને શ.વિ.ગૃ.નિ.વિ. ગાંધીનગરના પરચ/૧

૦૨૦૦૫/૧૮૬૯/પી પત્રની નકલની માંગણી કરેલ છે. જે પૂરી પાડેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે પૂરક વિગતોમાં અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદાર તે અંગે માત્ર મુદ્દા નં.૬–૭ સમાવિષ્ટ કરતી નકલ આપેલ છે તેવું જણાવી અધૂરી નકલ આપ્યાનું અપીલમાં જણાવેલ છે. મુદ્દા નં.૩ સદર ખાલી જગ્યાની શૈક્ષણિક અને પછાત જાતિની લાયકાત ધરાવતા એસએમસીમાંથી કોઈ અન્ય લાયક અધિકારીની સર્વીસબુક માંથી પસંદ કરીને સદર ખાલી જગ્યાની કાર્યવાહી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ આધારીત માહિતી નથી. તેવું જણાવેલ છે. અપીલ અરજીમાં અરજદારે રેકર્ડ આધારીત માહિતી ઉપલબ્ધ નથી જેથી માહિતી આપવામાં નિષ્ફળ ગયા છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબધ માહિતી આપવાની જોગવાઈ છે. મુદ્દા નં.૪ ડે.કમિશનર(હે અને હો) ની શ્રી એચ. એસ. દેસાઈની ૬ માસની મુદત પૂરી થવા આવેલ હોય જેથી સદર ખાલી જગ્યાની જાહેરાત આવશે કે મજકુર અધિકારીને વધારાના ત્રીજા છ માસ આપશો કે એસએમસીના પછાત જાતિના અને શૈક્ષણિક લાયકાત ધરાવતા અધિકારીને ચાન્સ આપશો જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વહીવટી બાબતે સક્ષમ સત્તાના આદેશો અનુસરવામાં આવે છે સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/૨૦૦૯/આઈઆર તા.૧–૬–૦૯ જોઈ જવા માટે નકલ સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫. ડે.કમિશનર(હે અને હો) ખાલી જગ્યા પછાત જાતિની હોવા છતાં શ્રી એચ એસ. દેસાઈની વારંવાર પસંદગી કરવા અંગેની નકલ. ઉપરોકત સર્વે મુદ્દાની માહિતીની નકલો સ્પષ્ટ, યોગ્ય અને પારદર્શી સહી સિકકાવાળી આપશો તેવું જણાવી માહિતી માંગતી અરજી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વહીવટી બાબતે સક્ષમ સત્તાના આદેશો અનુસરવામાં આવે છે સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/૨૦૦૯/આઈઆર તા.૧–૬–૦૯ જોઈ જવા માટે નકલ સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ અને ૫ માં અપીલ અરજીમાં અરજદારે ઠરાવ નં.૩૨૦/૨૦૦૯ તથા કમિશનરશ્રીએ કરેલ હુકમ નં.જીએડી/ઈએસટી/૬૩૫ તા.૯–૬–૦૯ ની નકલ આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અપીલ તબકકે પૂરક રજૂઆત જણાય છે. મુદ્દા નં.૪ અંગે અરજદારે ભવિષ્યના નિર્ણયની માહિતી માંગેલ છે. જે કલમ –૨ (એફ) અને (જે) ધ્યાને લેતાં હાલના તબકકે આપવા પાત્ર રહે નહીં. જયારે મુદ્દા નં.૫ અંગે પસંદગી માટે કે નિર્ણય લેવા જે કાર્યવાહી થયેલ હોય તેની નકલો આપવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૨ અને ૫ બાબતે ફરીયાદની હકીકતમાં જણાવ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહી પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,